SSP/JUL 98/04/9500

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રવેશ
# પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૧:૧૫]** **(રવિવાર, ૧૯ જુલાઈ, ૧૯૯૮)** **કુલ ગુણ : ૭૫**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧ નીલકંઠ ચરિત્ર)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈ પણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''અમે તારા શિષ્ય નહિ થઈએ.''

૨. ''અમે આજથી સ્ત્રી અને ધનનો સ્પર્શ નહિ કરીએ. તમે કહેશો એમ કરીશું.''

૩. ''આ શું ? આ શી હિન્દુની ઊલટી રીત! મને તો સાવ અઘટિત લાગે છે.''

૪. ''દસ વર્ષ પછી અમારાં દર્શન તમને વડતાલમાં થશે.''

**પ્ર.૨. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** ૮

૧. તેલંગી બ્રાહ્મણનું શરીર કાળું ને કદરૂપું થઈ ગયું.

૨. તોતાદ્રિ પર્વત પર ભોળાનાથ શંકર સતી પાર્વતીને સાથે લાવ્યા.

૩. રામાનંદ સ્વામીએ ગુરુ આત્માનંદ સ્વામીનો ત્યાગ કર્યો.

૪. વર્ણીએ લોજમાં રહેવાનું પસંદ કર્યું.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈ પણ એકનું મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. લોજમાં નીલકંઠ વર્ણીએ કરેલી સેવા.

૨. ખવીસનો મોક્ષ.

૩. ભગવાનદાસને ચિહ્નોનાં દર્શન.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. નીલકંઠ વર્ણી કયાં જતા રસ્તામાં માર્ગ ભૂલ્યા ?

૨. જગન્નાથપુરીમાં શાની ઉપર મંદિર બનાવ્યું છે ?

૩. નીલકંઠ વર્ણીને રામાનંદ સ્વામીએ ક્યારે ગાદી આપી ?





૪. રામાનંદ સ્વામી જ્યાં જ્યાં જતા, ત્યાં શું વાત કરતા ?

૫. નીલકંઠને દીક્ષા આપી ક્યા બે નામ પાડવામાં આવ્યાં ?

૬. કાઠિયાવાડમાં ગુપ્તપ્રયાગમાં નીલકંઠને હંમેશાં કોણ જમાડતું ?

**પ્ર.૫. નીચેનામાંથી કોઈ પણ એક વિષે ટૂંકનોંધ લખી તેનો ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. પોતાની વાણીને શાપ.

૨. નરસિંહ મહેતાને નીલકંઠનો યોગ.

૩. અસુરોનો નાશ.

**પ્ર.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** ૪

૧. રામાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ .................................. હતું.

૨. ભૂતપુરીમાં ...................................... નું જન્મસ્થાન છે.

૩. ઘનશ્યામને ગોતવા ....................... કૂવામાં પડ્યો.

૪. નીલકંઠે ................ પર્વત ઉપર જઈને ઋષિઓનું કલ્યાણ કર્યું.

(વિભાગ - ૨ સત્સંગ વાંચનમાળા ભાગ-૧)

**પ્ર.૭. નીચેનામાંથી કોઈ પણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''તારો ભગવાન સાચો હોય તો હમણાં જ આવીને દૂધ પી જાય.''

૨. ''હજુ સુધી એમ ને એમ વાતો કરો છો ! ખરા ઇશ્કી લાગો છો.''

૩. ''સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ તારે ગામ પધારશે. અલૌકિક આશ્ચર્ય બતાવશે..''

૪. ''ભસ્મ તો ખલાસ થઈ ગઈ.''

**પ્ર.૮. નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. મુનિબાવાનો સંશય દૂર થયો.

૨. જોબન પગીએ શ્રીજીમહારાજનાં ચરણો આંસુઓથી પખાળ્યાં.

૩. આશાભાઈએ ત્યાગાશ્રમ સ્વીકાર્યો.

૪. જીવુબા આકરા તાપમાં ઉઘાડે પગે ચાલી નીકળ્યાં.

**પ્ર.૯. નીચેનામાંથી કોઈ પણ એક વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. સદ્ગુરુ નિર્ગુણ સ્વામીએ કરેલી સત્સંગ સેવા.

૨. લાડુ બારોટે કરેલું શ્રીહરિનું પારખું.

૩. આશાભાઈનું સમર્પણ.

**પ્ર.૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **૬**

૧. વિપ્ર જગન્નાથને કોણે દીક્ષા આપી અને શું નામ પાડ્યું ?
૨. દેવાનંદ સ્વામીના શિષ્ય કોણ હતા ?
૩. લગ્નની વાત સાંભળીને જીવુબાએ એભલ ખાચરને શું કહ્યું ?
૪. શ્રીજીમહારાજે ઝીણાભાઈની નનામી શા માટે ઉપાડી ?
૫. ડભાણની કઈ ત્રણ વસ્તુઓને શ્રીજીમહારાજ વખાણતા ?
૬. નિર્ગુણ સ્વામીની વિશેષતા શું હતી ?

**પ્ર.૧૧. નીચેનામાંથી કોઈ પણ એક વિષે ટૂંકનોંધ લખી તેનો ભાવાર્થ લખો.**

**(બારેક લીટીમાં)** **૪**

૧. ઝીણાભાઈનું આધ્યાત્મિક જીવન.
૨. બ્રહ્માનંદ સ્વામીનું મંદિર - કાર્યોમાં યોગદાન.
૩. શુકાનંદ સ્વામીની શ્રીજીમહારાજ પ્રત્યે નિર્દોષ બુદ્ધિ.

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૪૫ લીટીમાં નિબંધ લખો.** **૧૫**

૧. આધ્યાત્મિક માર્ગના આદર્શ ગુરુ : પ્રમુખ સ્વામી મહારાજ.
૨. સંસ્કાર સિંચન માટે સત્સંગ અનિવાર્ય અંગ.
૩. યુવાનોના આદર્શ : નીલકંઠ.

✿ ✿ ✿